નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર ખાનગી વાહનોનો ખડકલો

મોતીપુરા વિસ્તારના સર્વિસ રોડ પર મિકેનીકલોનો કબજો : અન્ય રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલી

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતાં નેશનલ હાઈવે ૮ના સર્વિસ રોડ પર નાનામોટા વાહનોનું રિપેરીંગ કામ કરનાર મીકેનીકલોએ કબજો જમાવી દેતા અહીંથી પસાર થતાં અન્ય વાહનચાલકોને અવરજવર કરવામાં ખુબજ મુશ્કેલી પડી રહી છે જેથી હાઈવે ઓથોરીટીના અધિકારીઓએ આવા વાહનોને રોડ પરથી હટાવી દઈ ફરીથી વાહનો ન ઉભા રાખે તે માટે તાકીદ કરવી જોઈએ.

આ અંગેની વિગત એવી છે કે મોતીપુરામાંથી પસાર થતાં નેશનલ હાઈવે ૮ની બંને બાજુ સ્થાનિક લોકો પોતાના વાહનો લઈને અવરજવર કરી શકે તે માટે હાઈવે ઓથોરીટી દ્વારા સર્વિસ રોડ બનાવાયો છે. જેનો ઉપયોગ કરીને રોજબરોજ નાનામોટા વાહનચાલકો સાબરડેરી સુધી અવરજવર કરી શકે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ સર્વિસ રોડની બાજુમાં પોતાના ગેરેજો ચાલુ કરીને જીવન ગુજરાન કરી રહ્યા છે.

પરંતુ મુશ્કેલી એ છે કે તેમના ત્યાં રિપેરીંગ માટે આવતા વાહનોને સર્વિસ રોડ પર ઉભા કરી દે છે. જે વાહનો અનેક દિવસો સુધી સર્વિસ રોડ પર પડ્યા રહે છે. તેનાથી સૌથી વધુ મુશ્કેલી નાના વાહનચાલકોને ભોગવવી પડે છે કારણ કે સર્વિસ રોડ પર સામેથી આવતા વાહન મોટા વાહન ઉભા હોય ત્યારે દેખાતા નથી જેના લીધે અકસ્માત થવાનો ભય સતાવે છે.

એટલુ જ નહી પણ ઘણી વખત વાહનો એકબીજા સાથે અથડાઈ જાય છે ત્યારે ઝઘડો પણ થાય છે. તેમ છતાં ગેરજવાળાઓ તેમના વાહન હટાવતા નથી દરમ્યાન રોજબરોજ નેશનલ હાઈવે ઓર્થોરીટીના અધિકારીઓ અને તેમની ટોઈંગ વાહન અહીંથી અવરજવર કરતી હોવા છતાં તેઓ સર્વિસ રોડ પર નડતરરૂપ વાહનોને હટાવવા માટે આંખ આડા કાન કરતા હોય તેવી છાપ વાહનચાલકોમાં ઉપસી રહી છે. જેથી હાઈવે ઓથોરીટી દ્વારા સત્વરે સર્વિસ રોડ પરના વાહનોના ખડકલાને દૂર કરવા જોઈએ.

ભુતકાળમાં સર્વિસ રોડ પર રિપેરીંગ માટે આવતા વાહનોને મિકેનીકલ તેમના ગેરેજમાં અથવા તો કોઈને અડચણરૂપ ન બે તે રીતે મુકવા માટે વાહનચાલકો જો વિનંતી કરે તો ચોર કોટવાલને દંડે તેમ ઉલટાનું આ ગેરેજ માલિકો બિભત્સ ભાષાનો ઉપયોગ કરી વિનંતી કરનારને ધમકી આપી થાય તે કરી લેજો તેમ કહી દાદાગીરી કરતા હોવાનું ભુતકાળમાં બની ચુક્યું છે.

મોતીપુરા વિસ્તારમાંથી પસાર થઈ રહેલ નેશનલ હાઈવેને સિક્સલેન બનાવવાનું કામ ચાલુ છએ ત્યારે અને અહીંથી નીકળનારા પાલીકાના ટીપી રોડને લીધે જે જમીન કપાતમાં જવાની છે તે જોતાં અત્યારે લોકોને એવુ લાગી રહ્યું છે કે સર્વિસ રોડનો ઉપયોગ કરી ગુજરાન ચલાવી રહેલા લોકો પૈકી કેટલાંક સરકારી જમીનમાં ધંધો કરી દાદાગીરી કરી રહ્યાં છે. ત્યારે પોલીકાએ પણ આ દિશામાં વિચાર કરવાની જરૂર જણાઈ રહી છે.

કસલપુરા પ્રાથમિક શાળામાં દાતાઓનું સન્માન

જોટાણા તાલુકાની કસલપુરા પ્રાથમિક શાળામાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળામાં દાન આપનાર દાત કે.એન. ચાવડાએ બાળાઓને ચણીયાચોળી આપી હતી. પ્રભાતસિંહ સોલંકીએ દરેક બાળકને સ્વેટરનું વિતરણ કર્યું હતું. ઝાલા ભગતસિંહે શાળામાં સાઉન્ડ આપ્યું હતું. પટેલ બળદેવભાઈએ રૂ.૫૦૦૦ રોકડ અને ઠાકોર ધુળાઝીએ ચમચીઓનું દાન આપ્યું હતું. આ તમામ દાતાઓનું સન્માન કસલપુર પ્રાથમિક શાળા તરફથી કરવામાં આવ્યું હતું. તરૂણાબેન તથા લીલાબેનને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. માજી સરપંચ હસમુખભાઈ પટેલ, રાજેશજી, ધરમસિંહ, દિલીપસિંહ તથા એસ.એમ.સી.ના સભ્યો હાજર રહ્યા હતા.

રાજ્ય સરકારનો નવો ફતવો : જીએસટી નંબર બોર્ડ પર લખવાનું ફરજીયાત

વેચાણવેરા વિભાગના નિરીક્ષકો સ્થળ તપાસ કરશે : કાયદાનો ભંગ થશે તો મોટી પેનલ્ટી ચુકવવાની વેપારીઓ તૈયારી રાખે

હિંમતનગર, તા. ૧૭

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જીએસટીનો કાયદો અમલી બનાવ્યા બાદ તેના કારણે સરકારને કરોડો રૂપિયાની આવક થઈ છે. જોકે અવારનવાર જીએસટીના કાયદામાં જરૂરી ફેરફારો કરાઈ રહ્યા છે. ત્યારે રાજ્ય સરકારે એસ જીએસટી ભરનાર વ્યવસાયકારોને તેમનો જીએસટી નંબર બોર્ડ પર લખવા માટે ફતવો બહાર પાડ્યો છે. જેને લઈને વેપારી આલમમાં કચવાટ શરૂ થયો છે.

આ અંગે વેચાણવેરા વિભાગમાં સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાતના જે વ્યવસાયકારોએ ગત તા. ૧-૭-૨૦૧૭થી તા. ૧૪-૧૨-૨૦૧૮ સુધીમાં જીએસટી નંબર લીધા છે તેમના ત્યાં વેચાણવેરા નિરીક્ષકો તા. ૧૫-૧૨-૨૦૧૮ થી તા. ૧૫-૧-૨૦૧૯ દરમ્યાન મુલાકાત લેશે જેમાં વ્યવસાયકારે જીએસટી નંબર બોર્ડ પર લખેલો હોવો જોઈએ તથા બીલબુક (ખરીદ-વેચાણ) હાજર રાખવા પડશે. સ્ટોક, રોજમેર વગેરેની માહિતી પણ વેચાણવેરા નિરીક્ષકને આપવી પડશે.

સરકારના આ નવા ફતવાને કારણે વેચાણવેરા નિરીક્ષકને દરરોજ પાંચ વિઝીટ કરવાની ફરજીયાત છે. વિઝીટ દરમ્યાન નિરીક્ષકે જીએસટીના કાયદા ૨૫ મુજબ ધંધાના સ્થળની ફોટોગ્રાફી કરવી પડશે. ઉલ્લેખનીય છે કે સરકારના આ નવો કાયદો નવા અને અગાઉ જે વ્યવસાયકારોએ જીએસટીનો નંબર મેળવેલો હશે તેમને પણ અમલ કરવો પડશે. જો તેમાં ભંગ થશે તો વ્યવસાયકારને મોટી રોયલ્ટી પણ ચુકવવી પડશે તેવી જોગવાઈ કરાઈ છે.

જેથી હવે હોવાનું એ રહે છે કે સાબરકાંઠા જિલ્લામાં જીએસટી નંબર ધરાવતા લાખો વ્યવસાયકારો સરકારના આ નવા કાયદાનો કેટલો અને ક્યારે અમલ કરે છે તે અંગે હાલના તબક્કે કશુ કહી શકાય તેમ નથી.

ગુજરાતની પ્રથમ સાયન્ટિફિક ફિલ્મના ટીઝરને પ્રતિસાદ

અમદાવાદ,તા.૧૭

ગુજરાતની પ્રથમ સાયન્ટિફિક ફિલ્મ શોર્ટ સર્કિટનું ટીઝર તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવ્યું હતું. જેને યુ ટયુબ અને સોશ્યલ મીડિયામાં જોરદાર અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ફિલ્મના ટીઝરને આટલી હદના બહોળા પ્રતિસાદને લઈ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ અને ફિલ્મજગત સાથે સંકળાયેલ વર્તુળમાં ભારે ચર્ચા જગાવી છે. બીજીબાજુ, પ્રેક્ષકોએ ફિલ્મનું ટીઝર જોયા બાદ ફિલ્મના દ્રશ્યો, તેના નિર્માણ સહિતની વાતોને લઈ ભરપૂર વખાણ કર્યા છે. જે જોતાં હવે આગામી દિવસોમાં રિલીઝ થનારી શોર્ટ સર્કિટ ફિલ્મને બમ્પર ઓપનીંગ અને જોરદાર સફળતા મળવાની શકયતા બળવત્તર બની છે. ગુજરાત રાજયની અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સૌપ્રથમ સાયન્ટિફિક ફિલ્મ શોર્ટ સર્કિટ ફિલ્મને મળી રહેલા જોરદાર પ્રતિસાદને લઈ ફિલ્મજગતની સાથે સાથે રાજયના ફિલ્મ પ્રેમીઓમાં કુતૂહલ જગાડી છે. ટીઝર બાથરૂમના ફ્લોર પર પડેલા ફિલ્મના મુખ્ય કલાકાર ધ્વનિત ઠાકર સાથે શરૂ થાય છે અને એમની જ ઊંડા અને શાંત અવાજમાં કહે છે કે ઘેલછા એક વસ્તુ વારંવાર કરાવે છે , અને દર વખતે કઈ જુદું જ રીઝલ્ટ એક્સપેક્ટ કરે છે, સાથે કેમેરો ઝૂમ આઉટ થાય છે.

ટીઝરનું સંગીતથી ધ્રુજારી છુટી જાય છે. અંતે કેમેરા અમદાવાદના અવકાશમાં નર્દન લાઈટ્સ એટલે ઔરોં બોરિયાલીસ પર ઝૂમ થાય છે. સાયન્ટિફિક ફિલ્મ શોર્ટ સર્કિટના ટીઝરને પ્રેક્ષકો તરફથી બોહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.- સોશિયલ મીડિયામાં એક પ્રેક્ષકે લખ્યું હતું કે, ફિલ્મની સિનેમેટોગ્રાફી જબરદસ્ત લાગે છે. તેથી આ જોવા માટે ઉત્સાહિત છું. અન્ય એક પ્રેક્ષકે યુટ્યુબ પર લખ્યું, આ ટીઝર જબરદસ્ત આકર્ષક છે. ફિલ્મને લઈ ખુબ જ મજા પડશે. શોર્ટ સર્કિટ ફિલ્મ્મના ટીઝરને આટલી બધી લોકપ્રિયતા મળ્યા બાદ હવે ફિલ્મની રિલીઝ અને તેને જોવાને લઈ લોકોની આતુરતા વધી ગઈ છે. જો કે, નિષ્ણાતોના મતે, ફિલ્મનું ટીઝર આટલુ સફળ થયું તો, ફિલ્મને પણ જોરદાર સફળતા મળશે તેવી શકયતા વર્તાય છે.

ડબલટ્રી બાય હિલ્ટનની અમદાવાદમાં સૌપ્રથમ હોટેલનો શુભારંભ

વૈશ્વિક હોસ્પિટાલિટી ચેઈન હિલ્ટન((NYSE: HLT)એ આજે અમદાવાદમાં તેની ડબલટ્રી બાય હિલ્ટન હોટેલના પ્રારંભની જાહેરાત કરી હતી. હિલ્ટન ભારતમાં સતત પોતાના પોર્ટફોલિયોમાં વધારો કરી રહ્યું છે. ભારતના સૌપ્રથમ વૈશ્વિક હેરિટેજ સિટીમાં સરખેજ-ગાંધીનગર હાઈવે પાસે આવેલી આ હોટેલ શહેરનો સુંદર નજારો પૂરો પાડે છે. ડબલટ્રી બાય હિલ્ટન અમદાવાદ, એ હાઈરાઈઝ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડનું એકમ છે જેનું સંચાલન હિલ્ટન દ્વારા કરાય છે.

હિલ્ટન ઈન્ડિયાના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ તથા કન્ટ્રી હેડ નવજિત આહલુવાલિયાના જણાવ્યાં અનુસાર કારોબાર અને વેપાર માટે અમદાવાદ અત્યંત મહત્વનું શહેર છે. અહીં પ્રથમ ડબલટ્રી બાય હિલ્ટનની પ્રથમ હોટેલના પ્રારંભ દ્વારા અમારી હાજરી સ્થાપિત કરીને અમે આનંદની લાગણી અનુભવી રહ્યાં છીએ. હાઈરાઈઝ હોસ્પિટાલિટી સાથે જોડાણ કરીને અમે ખુશી અનુભવી રહ્યાં છીએ. દેશમાં હિલ્ટનના વૈશ્વિક કક્ષાની બ્રાન્ડ્સના પોર્ટફોલિયોનું વિસ્તરણ થઈ રહ્યું છે ત્યારે અમે અમારા મહેમાનોને અનોખો અનુભવ અને ઉમળકાભરી મહેમાનગતિ પૂરી પાડી તેમને આવકારવા આતુર છીએ.

બાયડના સાંવરિયા સાડી સેન્ટરમાંથી

ચોરી કરનાર હિસ્ટ્રીશીટર ચોરને ૪૮ કલાકમાં દબોચ્યો

બાયડ, તા. ૧૭

શિયાળની શરૂઆત સાથે અરવલ્લી જીલ્લામાં તસ્કરો સક્રિય થઈ ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી પલાયન થઈ જતા હોય છે. બાયડ શહેરમાં આવેલી સાંવરિયા સાડી સેન્ટરમાં શનિવારે રાત્રીના સુમારે કોઈ અજાણ્યા શખ્સે તાળું તોડી ૧૯ હજારની સાડી સહીત મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ચોરીના બનાવથી દુકાનદારો અને નગરજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. પોલીસતંત્ર ઠંડીના માહોલમાં ઠંડી ઉડાડી દોડતી થઈ આજુબાજુની દુકાનોમાં લગાડેલ સીસીટીવી કેમેરાને ફંફોસતા સાડીની દુકાનમાં ધાડ પાડનાર શખ્સની કરતુત કેદ થતા લૂંટની ઘટનાને અંજામ આપનાર શખ્સ હિસ્ટ્રીશીટર ચોઈલાનો કૌશિક ઉર્ફે રાવળિયો બાબુભાઈ વણકર હોવાનું જણાતા તેના રહેઠાણ સ્થળેથી રેડ કરી મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

બાયડના મેઈન બજારમાં આવેલી સાંવરિયા સાડી સેન્ટરનું તાળું તોડી શો-રૂમના કાચ બંધ હોવાથી કાચ તોડી દુકાનમાં પ્રવેશી ૧૫૦૦૦ રૂપિયાની સાડીઓ અને

કાઉન્ટરમાં રહેલા ૪૦૦૦ રૂપિયા રોકડની લૂંટ ચલાવી હિસ્ટ્રીશીટર કૌશિક લૂંટ ચલાવી ફરાર થતા સાડીની દુકાનની આજુબાજુમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થતા સમગ્ર ચોરી-લૂંટની ઘટનાનો પર્દાફાશ થયો હતો. બાયડ પોલીસે સ્ટેશનના પીએસઆઈ એમ.એચ. સોલંકી અને તેમની ટીમે ૪૮ કલાકમાં સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ચોઈલાના હિસ્ટ્રીશીટર કૌશિક ઉર્ફે રાવળિયો બાબુભાઈ વણકર દબોચી લેતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

જોટાણા ખાતે ઔધોગિક ભરતી મેળો યોજાશે

મહેસાણા, તા. ૧૭

જિલ્લા રોજગાર વિનિમય કચેરી મહેસાણા દ્વારા ૧૮ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ ડો. નટુભાઈ પી. પટેલ પોલીટેકનીક રેલ્વે સ્ટેશનની બાજુમાં જોટાણા ખાતે સવારે ૧૦ કલાકે ભરતી મેળો યોજાનાર છે. ભરતી મેળામાં ભાગ લેવા માંગતા રોજગાર વાંચ્છુઓએ પાંચ બાયોડેટા તેમજ અસલ પ્રમાણપત્ર અને તેની નકલ સાથે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે તેમ રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

અમદાવાદમાં રીક્ષા ચાલકોની હડતાળનો જોરદાર ફિયાસ્કો

અમદાવાદ,તા.૧૭

રીક્ષા સ્ટેન્ડર, લાઈસન્સ બેઝને દુરાગ્રહ સહિતની પડતર માગણીઓને લઈને રિક્ષાચાલકોની આજની એક દિવસની પ્રતીક હડતાળના એલાનને નહીંવત્ પ્રતિસાદ મળ્યો હતો. શહેરના મોટાભાગના વિસ્તારમાં સવારથી જ રાબેતા મુજબ રિક્ષાની અવરજવર જોવા મળી હતી.

જન્મટીપ...

● **પહેલા પાનાનું ચાલુ**

ચાલુ જ રહેશે. નોંધનીય છે કે ૩૪ વર્ષ બાદ કોર્ટે સજ્જનકુમારને દોષિત ઠેરવ્યાં. આ અગાઉ તેમને છોડી મૂકવામાં આવ્યાં હતાં. સીબીઆઈએ પહેલી નવેમ્બર ૧૯૮૪ના રોજ દિલ્હી કેન્ટના રાજ નગર વિસ્તારમાં પાંચ શિખોની હત્યાના મામલે કોંગ્રેસ નેતા સજ્જનકુમારને છોડી મૂકવાના નીચલી કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ત્યારબાદ કોર્ટે પૂછ્યું હતું કે સ્ટેટ મશીનરી શું કરી રહી હતી. ઘટના દિલ્હી કેન્ટોન્મેન્ટની બરાબર સામે ઘટી હતી. મે ૨૦૧૩માં સીબીઆઈ અને પીડિત પરિવારના લોકોએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

મોડાસાની નીલકંઠ સોસાયટીમાં આરસીસી રોડમાં હલકી કક્ષાનું મટીરીયલ વપરાતા રહીશોનો હોબાળો

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના વિકાસ માટે દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચી આરસીસી રોડ સહીત ડામર રોડનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે મોડાસા શહેરની નીલકંઠ સોસાયટીમાં નવનિર્માણ પામી રહેલા કોન્ટ્રાક્ટરે હલકી કક્ષાનું કામકાજ કરતા સોસાયટીના રહીશોએ હોબાળો મચાવતા અને રોડનું કામકાજ અટકાવી ફરીથી બનાવવાની માંગ કરતા રહીશોનો રોષ પારખી નગરપાલિકાના કોર્પોરેટરો અને નગરપાલિકા તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું કોન્ટ્રાક્ટરને નિયમ મુજબ આરસીસી રોડનું કામ કરવા તાકીદ કરી હતી.

મોડાસાની નીલકંઠ સોસાયટીમાં નવીન આર.સી.સી. રોડમાં કોન્ટ્રાક્ટરે વિકાસના કામોમાંથી તગડો નફો કમાઈ લેવા સોસાયટીના રહીશોની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરતા સિમેન્ટ, રેતી અને લોંખડ નિયમાનુસાર ઉપયોગમાં લીધા વગર ફટાફટ ક્ષતિગ્રસ્ત રોડ બનાવાઈ દેવતા સોસાયટીના રહીશોએ રોડની ગુણવત્તા સામે પ્રશ્નો ઉઠાવી હોબાળો મચાવતા અને નગરપાલિકા તંત્રને જાણ કરતા પૂર્વ પ્રમુખ વનીતાબેન સહીત બાંધકામ સમિતિના સભ્યો, એન્જીનીયર અને કોર્પોરેટરો દોડી આવ્યા હતા અને રહીશોએ રોડ નિર્માણમાં ગંભીર બેદરકારી દાખવી હોવાનું જણાવી રોડ ફરીથી બનાવવાની માંગ કરતા પૂર્વ પ્રમુખ વનીતાબેન પટેલે કોન્ટ્રાક્ટરને રોડનું કામ નિયમાનુસાર યોગ્ય મટેરીઅલ વાપરવાની તાકીદ કરી હતી. સોસાયટીના રહીશોએ કોન્ટ્રાક્ટર કર્મચારીઓ સાથે મિલી ભગતથી ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

મોડાસાના જાગૃત નાગરિકોએ મોડાસામાં નિર્માણ પામી રહેલા તમામ માર્ગોની અને નવીન ગટરની તપાસ કરવામાં આવેની માંગ કરી પ્રજાજનોના અને સરકારના રૂપિયાથી ખિસ્સા ભરાતા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવાની માંગ કરી હતી.

તસવીર : મેહુલ જોષી

મહેફિલના શોખીનો માટે નિરાશાના વાવડ ખેરોજ પાસેથી દારૂ ભરેલી ટ્રક પકડાઈ

હિંમતનગર, તા. ૧૭

ગુજરાતવાસીઓ દર વર્ષે ૩૧ ડિસેમ્બરની ઉજવણી દારૂ અને ડાન્સ પાર્ટી સાથે કરવા માટે પંકાયેલા છે ત્યારે રવિવારે સાબરકાંઠા એલસીબીએ ખેરોજ ત્રણ રસ્તા પાસેથી બાતમીને આધારે પાસ પરમીટ વિના સાબરકાંઠામાં ઘુસાડાઈ રહેલી રૂ. ૧૧.૪૩ લાખના દારૂ અને બિયરનો જથ્થો ભરેલી ટ્રકને ઝડપી લઈને મહેફિલના શોખીનોના ઉજવણીના સ્વપ્ના ચકનાચુર કરી નાખ્યા છે. તથા ટ્રકમાં જઈ રહેલ એક શખ્સની અટકાયત કરીને તેને ખેરોજ પોલીસ સ્ટેશનમાં દારૂ-બિયર અને ટ્રક સાથે મોકલી આપ્યો હતો.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ૩૧ ડિસેમ્બર એટલે કે નાતાલની ઉજવણીને આડે હજુ તો ૧૦ દિવસથી વધુનો સમય બાકી છે ત્યારે કેટલાક બુટલેગરો ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે સક્રિય બન્યો છે. ત્યારે સાબરકાંઠા પોલીસના એલસીબીએ તેમની મુરાદ અધુરી રહે તે માટે જાગૃત થઈ છે ત્યારે એલસીબીને એવી બાતમી મળી હતી કે રાજસ્થાનમાંથી પાસ પરમીટ વિના દારૂ ભરેલી ટ્રક પોશીના હડાદ થઈને આવી રહી છે.

જે આધારે રવિવારે સાબરકાંઠા એલસીબીએ હડાદથી ખેરોજ ત્રણ રસ્તા વચ્ચે વોચ ગોઠવીને નાકાબંધી કરી હતી. અને વાહનોનું ચેકિંગ શરૂ કર્યુ હતું. દરમ્યાન બાતમી મુજબ દારૂ અને બિયરનો જથ્થો ભરી આવી રહેલ ટ્રક નં. આરજે.૩૦. જીએ. ૫૦૭૧ને ઉભી રખાવી તેમાં તપાસ કરતા ટ્રકમાંથી રૂ. ૧૧.૪૩ લાખથી વધુની કિંમતની અંદાજે ૬૨૨૪ બોટલ મળી આવી હતી. ત્યારબાદ એલસીબીએ ટ્રકમાં જઈ રહેલ પુરણમલ હિરાલાલજી કલોલ (રહે. પાલેર, જી. ચિત્તોડગઢ) પાસેથી દારૂ અને બિયરની હેરાફેરી બાબતે પાસ પરમીટની માંગ કરી હતી. પરંતુ તે રજુ ન કરતા પોલીસે રૂ. ૧૧.૪૩ લાખના દારૂ અને બિયર તથા રૂ. ૮ લાખની ટ્રક મળી અંદાજે રૂ. ૧૯.૪૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ પુરણમલ કલાલની અટકાયત કરી તેની વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવી હતી.

પ્રાંતિજ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ સાયકલીંગ સ્પર્ધામાં સતત છઠ્ઠીવાર ઝળકી હતી.

તસવીર : સંજય રાવલ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ભાઈઓ બહેનોની રોડ સાયકલીંગની સ્પર્ધા તા.૧૪ થી ૧૫ બે દિવસ માટે યુનિવર્સિટીના શારીરીક શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ કોલેજના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. જેમા ભાઈઓમાં અશોક મકવાણા ૧૦૦ કી.મી. માં પ્રથમ, ૫૦ કી.મી.માં દ્વિતીય અને ક્વાઈટેરીયમમાં દ્વિતિય તો રાઠોડ કરણ ૧૦૦ કિ.મી.માં દ્વિતિય ૫૦ કી.મી માં પ્રથમ તો મકવાણા વનરાજ ૪૦ કી.મી વ્યક્તિગતમાં દ્વિતિય તો પટેલ યશ કાઈટેરીયમમાં પ્રથમ આમ સમગ્ર ભાઈઓની ટીમ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પોઈન્ટ ટેબલમાં મોખરે રહી ભાઈઓના વિભાગમાં ચેમ્પીયન બની હતી. બહેનોની ટીમમાંથી પણ રાઠોડ કોમલ ૫૦ કી.મી.માં પ્રથમ જ્યારે પરમાર ચંદ્રકલા ૩૦ કી.મી. માં પ્રથમ જ્યારે રાઠોડ કાજલ ૩૦ કી.મી. માં દ્વિતિય જ્યારે પટેલ અર્ચના ૫૦ કી.મી.માં દ્વિતિય નંબર મેળવી બહેનો પણ સમગ્ર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની રોડ સાયકલીંગની સ્પર્ધામાં ચેમ્પીયન બની હતી. તમામ ખેલાડીઓની ઓલ-ઈન્ડિયા રોડ સાયકલીંગ માટે કરવામાં આવે છે જેમાં ભાઈઓની ટીમ બીકાનેર ખાતે અને બહેનોની ટીમ અમૃતસર મુકામે રમવા જશે. કોલેજના શારીરીક શિક્ષણ પ્રોફેસર મેહુલભાઈ પી. પટેલ દ્વારા પ્રશિક્ષણ પુરું પાડવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ ડા. કે.આર. પ્રસાદ અને સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા ખેલાડીઓને તથા શારીરિક શિક્ષણ અધ્યાપકને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

દશનામ ગોસ્વામી સમાજના હોદ્દેદારો નિમાયા

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર દશનામ ગોસ્વામી સમાજના ઉત્કર્ષ માટે કામગીરી કરતા સંગઠનના આગામી બે વર્ષ માટે હોદ્દેદારોની નિમણુંક કરવા માટે હિંમતનગરના ગાયત્રી આશ્રમ ખાતે તાજેતરમાં બેઠક યોજાઈ હતી.

જેમાં પ્રમુખ તરીકે મહેશગીરી કેશવગીરી ગોસ્વામી, ઉપપ્રમુખ તરીકે જીગરગીરી ગોસ્વામી, મુકેશગીરી ગોસ્વામી, મંત્રી રમેશપુરી ગોસ્વામી, સંગઠન મંત્રી રમેશપુરી પુનમપુરી, સહમંત્રી રોનકપુરી ગોસ્વામી તથા સમાધિ કમિટીના અધ્યક્ષ તરીકે જીતુભારથી અશોકભારથીની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

હિંમતનગર નગરપાલિકા
પ્રતિભાવ/મુદ્દાઓ/સૂચનો મંગાવવા બાબત...

શહેરના નાગરીકોને આથી સૂચિત કરવામાંઆવે છે કે, હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ - ૨૦૧૬ તથા તે સંદર્ભે હિંમતનગર નગરપાલિકાના પેટા નિયમો ૨૦૧૮ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ - ૨૦૧૬, નગરપાલિકા પબ્લિક હેલ્થ બાયલોઝ ૨૦૧૮ તથા સ્ટાર રેટીંગ ૨ અને ૩ સ્ટાર માટે નાગરીકોમાં જાગૃતિ લાવવા તથા નિયમોની અમલવારી કરવા વહીવટીય ચાર્જ (દંડ)ની જોગવાઈ કરવામાં આવી છે. આ દંડની રકમ અંગે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો દિન-૧૫માં નગરપાલિકા કચેરીએ લેખીતમાં રજૂ કરવાના રહેશે. જે નિયમો હિંમતનગર નગરપાલીકાના આરોગ્ય વિભાગમાં જોવા મળશે.

નરેશભાઈ આર. પટેલ — ચીફ ઓફીસર
સાવન એલ. દેસાઈ — આરોગ્ય ચેરમેન
અમૃતભાઈ પુરોહિત — કારોબારી ચેરમેન
અનિરુદ્ધભાઈ એમ. પટેલ — પ્રમુખ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
'ગુજરાત સરકારનું સાહસ'
જાહેર નિવિદા નંબર - ૧૩ સને ૨૦૧૮-૧૯

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર મો. નં. ૯૯૭૮૪૦૬૭૪૦ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

અ. નુ.	કામની વિગત	અંદાજીત કિંમત રૂ. લાખમાં	કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા	ટેન્ડર આઈડી નંબર	ભાવો ભરવાની છેલ્લી તા.
૧.	પ્રાંતિજ શહેરી વિસ્તારની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ૩.૭૦ એમ.એલ.ડી. ક્ષમતાના સિયેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી અને ચાર (૪) વર્ષ ની મરામત અને નિભાવણીની કામગીરી જી. સાબરકાંઠા	૬૭૮.૯૨	'એ' ક્લાસ અને ઉપરના	૩૩૮૪૩૭	૨૬.૧૨.૧૮

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે. હવે પછીનો કોઈ પણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે. પીવાના પાણી માટે ગ્રામીણ ક્ષેત્ર માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

માહિતી/હિંમત/૪૫૨/૧૮